# પ્રકરણ ૮

# ઉપસંહાર

ધીરુભાઈ ઠાકર ગુજરાતી સાહિત્યમાં ગાંધીયુગના એક મહત્ત્વના સાહિત્યકાર છે. પોતાની છન્નું વર્ષના આયુષ્યમાં ગુજરાતને ગૌવર અપાવે તેવા કાર્યો તેમણે કર્યા છે. કહો કે એક જીવનમાં તેઓ અનેક જીવનમાં થઈ શકે તેવા કાર્યો તેમણે કર્યા છે. ધીરુભાઈ ઠાકરના પુરુષાર્થશીલ જીવનના વિદ્યાર્થી જીવન, ગુજરાત કૉલેજનું અધ્યાપકત્વ, મોડાસા આર્ટ્સ કૉલેજનું આચાર્યપદ અને મોડાસા શિક્ષણ સંકુલની સ્થાપના તેમજ વિશ્વકોશની સંકલ્પના અને તેનો અમલ એમ મુખ્ય ચાર તબક્કામાં આપણે વહેંચી શકીએ છીએ.

ધીરુભાઈ ઠાકરને બાળપણથી જ માતા-પિતા, પરિવારના સભ્યો, મિત્રો, શિક્ષકો વગેરેને કારણે તેમની સાહિત્યિક રુચિનું ઘડતર થયું હતું. તેમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ઘાંટવડ, ચાણસ્મા અને સિદ્ધપુરની હાઈસ્કૂલમાં લીધું હતું. નાનપણથી જ ઠાકર સાહેબ ભણવામાં હોશિયાર હતા. ખાસ તો બાળપણમાં તેમના માતા-પિતાએ સંભળાવેલી વાર્તાઓ, ગીતો, ભજનો અને ઘરમાં જ એક નાનકડી લાઈબ્રેરી હતી તેના કારણે ધીરુભાઈની વાચનરુચી કેળવાઈ હતી. વળી કૉલેજના અભ્યાસકાળમાં પણ અનેક વિદ્વનોના સંપર્ક તેમની સાહિત્યિક રુચિના ઘડતરમાં નોંધપાત્ર યોગદાન હતું. પરંતુ ધીરુભાઈની અભ્યાસકીય કારકિર્દીમાં મહત્ત્વનો વળાંક લાવવામાં કોઈ મદદરૂપ બન્યું હોય તો તે કે.બી. વ્યાસ સાહેબ છે. તેમણે ધીરુભાઈ ઠાકરનો ત્રણ વખત હાથ પકડ્યો. તેના પરિણામે તેમણે અભ્યાસકીય અને વ્યાવસાયિક કારકિર્દીમાં આગળ વધી શક્યા હતા. અમદાવાદની ગુજરાત કૉલેજમાં તેમણે અઢાર વર્ષ સુધી અધ્યાપન કાર્ય કરાવ્યું હતું. આ અરસામાં શાળા-કૉલેજમાં વિકસેલો નાટ્યપ્રેમ અધ્યાપકીય કારકિર્દીમાં વધુ ફૂલે-ફાલે છે. આ અરસામાં તેઓ રૂપક સંઘ નામનું નાટ્યમંડળ સ્થાપીને ગુજરાતી રંગભૂમિને એક ડગલું આગળ ધપાવે છે. ઉપરાંત તેમની પાસેથી નાટક, નાટ્યવિવેચન, નાટ્યવિવેચન સંપાદનને લગતા પુસ્તકો અને લેખો મળી રહ્યા હતા. વળી અધ્યયન-અધ્યાપન દરમિયાન તેમણે વિચાર્યું કે ગુજરાતી સાહિત્યનો વિદ્યાર્થીલક્ષી

ઈતિહાસ આપણી પાસે નથી. એટલે તેમણે એકલા હાથે મધ્યકાળથી અનુ આધુનિક સાહિત્ય પ્રવાહ સુધીના ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ આપણને સુલભ કરી આપ્યો. એટલું જ નહીં પણ તેમાં અત્યાર સુધીમાં જરૂરી સુધારા વધારા કરીને આ સાહિત્યિક ઈતિહાસને વધુ શ્રદ્ધેય, અભ્યાસભૂત અને માહિતીસભર બનાવીને ગુજરાતી સાહિત્યના અભ્યાસીઓની મહત્ત્વની સેવા કરી આપી છે. એટલું જ નહીં ધીરુભાઈ ઠાકરે લખેલ અર્વાચીન ગુજરાતી સાહિત્યની વિકાસરેખા સાંપ્રત સમયમાં એક સંદર્ભગ્રંથ જેવો બની ગયો છે. શરૂઆતમાં આ સાહિત્યિક ઈતિહાસનું પ્રકાશન પોપ્યુલર પ્રકાશન દ્વારા થયું હતું પરંતુ ધીરુભાઈની ઈચ્છા આ ગ્રંથ ગુર્જર દ્વારા પ્રકાશિત થાય એમ ઈચ્છતા હતા. પછીથી તેનું પ્રકાશન ગુર્જર દ્વારા થયું હતું અને અત્યાર સુધી તેની તેર આવૃત્તિ થઈ છે જે આ સાહિત્યિક ઈતિહાસની લોકપ્રિયતા દર્શાવે છે. ઠાકર સાહેબ ગુજરાત કૉલેજમાં અધ્યાપન કાર્યની સાથોસાથ અનેક સહઅભ્યાસીક પ્રવૃત્તિઓનું આયોજન અને સંચાલન કર્યું હતું. તેમાં નાટક અંગેની પ્રવૃત્તિઓ હંમેશા મોખરે રહી હતી.

ધીરુભાઈ ઠાકરનું બીજું નોંધપાત્ર કાર્ય એ મોડાસા આર્ટ્સ અને કોમર્સ કૉલેજના સ્થાપક આચાર્ય તરીકે નિમાયા હતા તે હતું. ઠાકર સાહેબ ગુજરાતી સાહિત્યના ઉત્તમ વિવેચક, ગુજરાતી સાહિત્યના પૂર્વ પ્રમુખ, મણિલાલ દ્વિવેદીના પ્રખર અભ્યાસી, વિશ્વકોશના મુખ્ય સંપાદક જેવા અનેક શબ્દોથી ભલે તેઓ ઓળખાતા હોય પણ મોડાસા કૉલેજમાં તેઓ આચાર્ય ધીરુભાઈ ઠાકર તરીકે જ ઓળખાતા રહ્યા છે. અહીં જીવનના બે દાયકા જેટલો સમય તેમણે મોડાસા કૉલેજ કેમ્પસના નિર્માણ પાછળ અર્પણ કર્યા હતા. શરૂઆતમાં આર્ટ્સ, કોમર્સથી શરૂ થયેલી આ કૉલેજમાં પાછળથી સાયન્સ, લો, શિક્ષણ જેવા અનેક વિભાગોથી મોડાસા કૉલેજ કેમ્પસને વિકસાવ્યું હતું. તેમાં ધીરુભાઈ ઠાકરની આચાર્ય તરીકેના નેતૃત્વના ગુણો જવાબદાર હતા. મોડાસા જેવા અતિ પછાત વિસ્તારમાં તેમણે જઈને ત્યાનાં માણસોને ઉચ્ચ શિક્ષણનું મહત્ત્વ સમજાવ્યું. એટલું જ નહીં આ કેમ્પસમાં તેમણે ટૂંકા ગાળાના વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો દાખલ કરીને ઠાકર સાહેબ એક દ્રષ્ટા પુરવાર થયા હતા. મોડાસા કૉલેજ કેમ્પસને તેમણે અનેકવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી એવું ધમધમતું રાખ્યું હતું કે ઉત્તર ગુજરાત યુનિવેર્સિટીનું વડુ મથક જ્યારે નક્કી કરવાનું થયું

ત્યારે આ કેમ્પસની મુલાકાત સુધી સમિતિને ખેંચી લાવ્યું હતું. આ જ ઘટના  ઠાકર સાહેબની આચાર્ય તરીકેના નેતૃત્વના ગુણોની પ્રતીતિ આપણને કરાવી આપે છે.

મોડાસા કૉલેજમાંથી નિવૃત્તિ પછી તેમણે જીવનની ઉત્તરવયે નવું આરોહણ કર્યું તે ગુજરાતી વિશ્વકોશની રચના. ધીરુભાઈ ઠાકરે જે કામ વિદ્યાના ક્ષેત્રે કર્યું છે તેવું જ કામ સંસ્થાસર્જનમાં પણ કર્યું છે. જીવનના ત્રણ દાયકા જેટલો સમય તેમણે ગુજરાતી વિશ્વકોશની રચના કરવામાં ગાળ્યા હતા. તેને પરિણામે આપણને ગુજરાતી વિશ્વકોશની રપગ્રંથોની શ્રેણી પ્રાપ્ત થઈ છે. પોતાના જીવનના અંત સુધી તેમણે વિશ્વકોશનું કામ અનેકવિધ બીમારીઓની વચ્ચે કરતાં રહ્યા હતા અને વિશ્વકોશ જેવું મહત્ત્વનું જ્ઞાનસાધન આપણને સુલભ કરી આપ્યું હતું. ધીરુભાઈ ઠાકરે નિર્માણ કરેલું ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ આજે તો ગુજરાતનું અસ્મિતાધામ બની ગયું છે. સાંપ્રત સમયમાં આ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ગુજરાતી પ્રજા માટે સાહિત્ય, કલા અને સંસ્કારનું જતન કરે તેવી આ સંસ્થા ઠાકર સાહેબની અણમોલ ભેટ બની ગઈ છે. ભલે આજે આપણી વચ્ચે ઠાકર સાહેબ હયાત નથી પણ જ્યારે કોઈપણ વ્યક્તિ અત્યારે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની મુલાકાત લે તો તેમાં ધીરુભાઈની ધગશ, નિષ્ઠા અને કાર્યપદ્ધતિના દર્શન થયા વગર રહેતા નથી. ધીરુભાઈએ વિશ્વકોશના કાર્યમાં અનેક વિદ્વાનો, આચાર્ય, અધ્યાપકોને સાંકળીને તેમની વિદ્વત્તાનો લાભ વિશ્વકોશ રચનામાં આપ્યો હતો. સાંપ્રત સમયમાં જો અત્યારે ગુજરાતી ભાષામાં થયેલા પાંચ મહત્ત્વના કાર્યોની સૂચિ બનાવવી હોય તો તેમાં અવશ્ય ધીરુભાઈ ઠાકરે રચેલો વિશ્વકોશ રચનાનો ચોક્કસ સમાવેશ થાય. ગુજરાતી વિશ્વકોશ રચનામાં ધીરુભાઈ ઠાકરની કુનેહ, ચીવટ, ધગશ, નિષ્ઠા અને કાર્યપદ્ધતિનો વિશ્વકોશના રપગ્રંથોમાં આપણને અવશ્ય દેખાય આવે છે. ટૂંકમાં ધીરુભાઈ ઠાકર નિવૃત્તિ પછી આરામમય જીવન જીવવાને બદલે તેમણે દીર્ઘદ્રષ્ટિપૂર્વક વિશ્વકોશની સંકલ્પના કરી અને નિષ્ણાત વ્યક્તિઓનો સહકાર મેળવીને, ગુજરાત રાજ્યને ગૌરવ અપાવે તેવા એક પછી એક ગુજરાતી વિશ્વકોશના ગ્રંથો પ્રગટ કરી આપ્યા છે. ઠાકર સાહેબ વિશ્વકોશના સ્વપ્નદ્રષ્ટા છે. તેમની વિદ્વત્તા, વહીવટી કુનેહ અને અનેક સાથીઓને સાથે લઈને ચાલવાનું અને

સ્વતંત્રતા આપવાનું ઔદાર્ય તેમની વિશ્વકોશ રચનાના સફળતાના પ્રેરકબળો બની રહ્યા હતા. ગુજરાતી સાહિત્ય જગતમાં ગુજરાતી વિશ્વકોશ ધીરુભાઈ ઠાકરનું અવસ્મરણીય પ્રદાન બની રહેશે.

ધીરુભાઈ ઠાકર ગુજરાતી સાહિત્યમાં એક વિદ્વાન સાહિત્યકાર તરીકે જાણીતા છે. નાનપણથી તેજસ્વી પ્રતિભા ધરાવતાં ગુજરાતી સાહિત્ય અને શિક્ષણજગતમાં આગવું સ્થાન ધરાવે છે. શિક્ષણ કાર્યની સાથોસાથ તેઓ આજીવન સાહિત્યની ઉપાસના કરતાં રહ્યા છે. મોડાસા કૉલેજમાં આચાર્ય પદે કાર્યરત હતા ત્યારે ‘ગુજરાત સમાચાર’માં ‘સાહિત્ય અને સંસ્કાર’ વિભાગની કામગીરી સંભાળીને ‘દ્રષ્ટિક્ષેપ’ હેઠળ સમકાલીન સાહિત્યની ગતિવિધિ ચર્ચીને તેમણે ગુજરાતી વિવેચકોમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેના પ્રતાપે તેમની પાસેથી સમયાંતરે બાર જેટલા વિવેચન સંગ્રહો પ્રાપ્ત થયા છે.

ધીરુભાઈ ઠાકરે પંડિત યુગના મહત્ત્વના સાહિત્યકાર મણિલાલ દ્વિવેદી પર મહાશોધ નિબંધ તૈયાર કરીને પીએચ.ડી.ની ઉપાધિ મેળવી હતી. ત્યારથી આજીવન તેઓ મણિલાલના સમગ્ર સાહિત્યની ઉપાસના કરતાં રહ્યા હતા. ‘મણિલાલના ત્રણ લેખો’, ‘કાન્તા’, ‘મણિલાલની વિચારધારા’, ‘મણિલાલ નભુભાઈ દ્વિવેદીનું આત્મવૃત્તાંત’ જેવા અનેક પુસ્તકો પ્રકાશિત કરીને મણિલાલનું સમગ્ર સાહિત્ય આપીને ગુજરાતી સાહિત્યની અમૂલ્ય સેવા બજાવી આપી છે. વળી પાકટવયે ‘ઊંચો પર્વત, ઊંડી ખીણ’ નામનું મણિલાલના જીવન ઉપર જીવન ચરિત્રાત્મક નાટક લખીને તેમણે ગુજરાતી નાટ્યસર્જનમાં અનેરું પ્રદાન કરી આપ્યું છે. ટૂંકમાં ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં થયેલા અને જીવનમાં અનેક વિસંગતિઓ સાથે જીવેલા મણિલાલ દ્વિવેદીનું અધ્યયન ધીરુભાઈની ઉત્તમ ભેટ બની રહે છે. ધીરુભાઈએ મણિલાલનું જીવનચરિત્ર જ નહીં પણ તેમના સમગ્ર સાહિત્યની સમાલોચના અને સમીક્ષા પણ કરી આપી છે. કહેવું હોય તો આપણે કહી શકીએ કે મણિલાલ પરનું આટલું વિસ્તૃત અને સર્વાંગી અધ્યયન કદાચ ગુજરાતી સાહિત્યમાં પહેલું અને આખરી જ બની રહે છે. વળી ગુજરાતના શ્રેષ્ઠીવર્ય શ્રી કસ્તૂરભાઈ લાલભાઈનું પણ સર્વાંગી જીવનચરિત્ર ધીરુભાઈએ તટસ્થતાથી આલેખી આપ્યું છે. વળી પોતાના જીવનના આઠ દાયકાના ખટ-મીઠા સંસ્મરણોને ‘સ્મરણમાધુરી’ હેઠળ આપીને આત્મચરિત્રમાં પણ અનોખું પ્રદાન કર્યું છે.

ધીરુભાઈ ઠાકરનું ગુજરાતી સાહિત્યમાં સૌથી વધુ પ્રદાન હોય તો તે નાટ્યક્ષેત્રમાં છે. તેઓ નાટ્યસર્જક, નાટ્યવિવેચક, નાટ્યવિવેચન સંપાદન, નાટ્યતાલીમ શિબર સંયોજક એમ અનેકવિધ ક્ષેત્રમાં મહત્ત્વનું કાર્ય કર્યું છે. વળી ગુજરાતી રંગભૂમિ અન્ય ભાષાની રંગભૂમિ જેવો વિકાસ કેમ સાધી શકી નથી તેની તેઓ સતત ચિંતા કરતાં રહ્યા છે. તેના પ્રતાપે તેમની પાસેથી આપણને ગુજરાતી રંગભૂમિ, થિયેટર અને નાટક વિશેના અનેક લેખો પ્રાપ્ત થયા છે. ઉપરાંત 'અભિનય નાટકો'ની સૂચિ આપીને ૩૬૦જેટલા નાટકોનું અંકવાર, પાત્રવાર વિભાગીકરણ કરી આપીને નાટ્યસાહિત્યની સૂચિમાં નોંધપાત્ર ઉમેરો કર્યો છે. એટલું જ નહીં પણ નાટ્યસાહિત્યક્ષેત્રે સંશોધન કરનારાઓ માટે આ એક મૂલ્યવાન ગ્રંથ બની રહે તેવો ઉત્તમ નીવડ્યો છે. ધીરુભાઈ ઠાકર જીવનપર્યંત નાટક અને તેના પ્રયોગ સાથે સંકળાયેલા રહ્યા હતા. નાટ્ય-સિદ્ધાન્તચર્ચા, નાટ્યતાલીમશિબિર વગેરેને અનુષંગે ગુજરાતની યુનિવર્સિટીઓ અને નાટ્યશિક્ષણ સંસ્થાઓ સાથે તેમનો સબંધ આજીવન રહ્યો હતો. નાટ્ય ક્ષેત્રનો તેમના જ્ઞાન અનુભવનો લાભ તેમણે લખેલા નાટ્ય વિશેના લેખો અને પુસ્તકોમાં આપણને મળી રહે છે. વળી આપણાં પ્રશિષ્ટ સામયિકો 'જ્ઞાનસુધા', 'સમાલોચક' જેવા સામયિકોની સ્વાધ્યાય અને સૂચિનું કામ કરીને તેમાં પડેલી મહત્ત્વની સામગ્રીને ઉજાગર કરી આપીને સંશોધકોનો માર્ગ મોકળો કરી આપ્યો છે. વળી ધીરુભાઈએ 'જીવનમાધુરી' શ્રેણી અંતર્ગત જે નિબંધ સંગ્રહો આપ્યા છે તે પણ તેમને એક સફળ નિબંધલેખક તરીકે ઉજાગર કરી આપે છે. વિશ્વકોશ પ્રવૃત્તિઓની સાથોસાથ ધીરુભાઈ ઠાકરની સાહિત્યસર્જનની પ્રવૃત્તિ પણ નિરંતર ચાલતી રહી હતી. જીવનમાં અનેકવિધ કામો અને નબળી રહેતી તબિયતમાં પણ ૯૨ વર્ષની ઉંમરે પાબ્લો નેરુદાના 'મેમ્વયર્સ' પુસ્તકનો 'સત્યની મુખોમુખ' નામે અનુવાદ કરી આપીને ગુજરાતી અનુવાદ સાહિત્યમાં અનોખું પ્રદાન કર્યું હતું. વળી ૨૦૧૧માં 'કેટલાક સાહિત્યિક વિવાદો' તેમજ ૨૦૧૨માં 'ગાંધીજી અને પાંચ સાક્ષરો' અને 'પ્રસંગમાધુરી' જેવા પુસ્તકો પણ તેઓ આપતાં રહ્યા છે. ભલે ઠાકર સાહેબનો ક્ષરદેહ આપણી વચ્ચે નથી પણ સ્મૃતિપટ ઉપર તેઓ સદાય અંકિત રહેશે.

ધીરુભાઈ ઠાકરની કવિતા, નાટક, નિબંધમાં પ્રસંગોપાત્ત કેટલીક સર્જનાત્મક લહેરો જોવા મળે છે. પરંતુ તેમનું ગુજરાતી સાહિત્યમાં વિવેચન, સંપાદન, અનુવાદ વગેરેમાં ખાસ પ્રદાન જોવા મળે છે. સાહિત્યસૂચિઓની સાથે સાહિત્યિક પત્રકારત્વનું કામ પણ તેમણે કર્યું છે. અર્વાચીન ગુજરાતી સાહિત્યના ઈતિહાસ લેખન આજે તો ગુજરાતી સાહિત્યના અભ્યાસીઓને અનેક રીતે માર્ગદર્શનરૂપ બની રહે તેવો ઉત્તમ નીવડ્યો છે. ગુજરાતી સાહિત્યમાં ઉમાશંકર જોશીએ જે કામ બાળાશંકર વિશે કર્યું તેવું જ કામ ઠાકર સાહેબે પંડીતયુગના સાક્ષર મણિલાલ દ્વિવેદી વિશે કરી આપ્યું છે. ધીરુભાઈએ મણિલાલના જીવનના તલાવગાહી સંશોધન સ્વાધ્યાય દ્વારા આપણી સમક્ષ મૂકી આપ્યા છે. ધીરુભાઈમાં એક સંશોધક તરીકેની ચીવટ અને કુશળ વ્યવસ્થાપકની સૂક્ષ્મ દ્રષ્ટિ આપણને જોવા મળે છે. સદાય નવા વિચારોને અવકારવાની તત્પરતા અને સરળ જીવનશૈલી તેમના વ્યક્તિત્વનું આગવું લક્ષણ બની ગયું હતું. આથી એક કુશળ વ્યવસ્થાપક અને પ્રબંધક તરીકે તેઓ સર્વમાન્ય વ્યક્તિ બની ગયા છે. એટલું જ નહીં પણ સ્વભાવની સરળતા, નિખાલસતા અને સૌને સાથે રાખવાની સમજદારીના કારણે તેમનું વ્યક્તિત્વ સર્વગ્રાહી અને સર્વમાન્ય રહ્યું હતું. સતત અભ્યાસનિષ્ઠા, સંશોધન અને સમાલોચના તેમના જીવનના મહત્ત્વનાં પાસાં બની રહ્યા હતા.

ટૂંકમાં ગુજરાતી સાહિત્યમાં વિવેચક, સંશોધક, ચરિત્રકાર, સંપાદક, સૂચિકાર, નાટ્યકાર, નાટ્યકર્મી અને ઉત્તમ અધ્યાપક તરીકે જાણીતા ધીરુભાઈ ઠાકરના જીવનની પ્રત્યેક ક્ષણો જ્ઞાનસાધના બની રહી હતી. ‘ગુજરાતી વિશ્વકોશ’ની સાથે ‘બાળવિશ્વકોશ’ની પ્રવૃત્તિ પણ તેમણે શરૂ કરાવી આપી હતી આથી સમગ્ર ગુજરાત તેમનું ઋણી રહેશે એમાં સહેજ પણ શંકાને સ્થાન નથી. ૨૪મી જાન્યુઆરી,૨૦૧૪ના રોજ ધીરુભાઈ ઠાકરનું અવસાન થયું હતું. એ દિવસે જ તેમને વિશ્વ ગુજરાતી સમાજનો ‘ગુર્જર પ્રતિભા એવોર્ડ’ મળ્યો હતો. વળી ભારત સરકારે તેમને મરણોપર્યંત ‘પદ્મભૂષણ’નો પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય ખિતાબ પણ આપ્યો હતો. એમના જીવનમાં પુરુષાર્થનો એક આગવો મહિમા રહ્યો હતો.